# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૧/૦૫/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ, ૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧ બીયરટીન અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૩૦/૨૦૨૫**

**નિકોલઃ** રંજીતાબેન વા/ઓ ગૌરવકુમાર હિરાણી(લેઉવા પટેલ)(રહે.સુરોહી પાર્ક વિભાગ-૨, બેટી બચાવ ગાર્ડન સામે નિકોલ) એ તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૫ નારોજ સાંજના ૪/૩૦ થી તા.૦૯/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૩,૯૮,૬૮૦/-, રોકડ રૂપિયા ૫૦,૦૦૦/-, ઓસ્ટ્રેલીયન કરન્સી ૫૦ ભારતીય ચલણ મુજબ અંદાજીત રૂપિયા ૨૭૦૦/-, ફીઝી કરન્સી ૩૫ ભારતીય ચલણ મુજબ અંદાજીત રૂપિયા ૧૩૦૦/-, ન્યુઝીલેન્ડ કરન્સી ૨૦૦ ભારતીય ચલણ મુજબ અંદાજીત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૬૨,૬૮૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીયા ચલાવે છે.

**નરોડાઃ** અતિકઅહેમદ સૈયદઅહેમદ સૈયદ (ઉ.વ.૫૪)(રહે.સૈયદવીલા એપાર્ટમેન્ટ મેટ્રોસીટી બેકરી પાસે જુહાપુરા) એ તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા નરોડા જી.આઇ.ડી.સી ગેટ નં-૦૨ પાસે આવેલ "બરોડા મિનરલ ગ્રાઇન્ડીંગ ઇન્ડસ્ટ્રીઝ" ના કંમ્પાઉન્ડમાં આવેલ "ઇન્ટાકાર્ટ સર્વિસીસ પ્રાઇવેટ લીમીટેડ" કંપનીની ઓફીસની તિજોરીમાં મુકેલ કલેક્શનના રોકડ રૂપિયા ૩,૮૧,૮૧૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

**આઠમા માળે ટાવર ક્રેન ઉપરથી પડી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૬૩૧/૨૦૨૫**

**બોડકદેવઃ** રાજા સ/ઓ ઇઝરાઇલ સૈયદ (ઉ.વ.૨૭)(રહે."આર્ટ્ફીનો" નામની નવી બનતી સાઇટ ખાતે આવેલ લેબર કોલોનીમા, હિંગળાજ નગરની સામે, થલતેજ મુળ વતન ગામ:– પીઢવાલ તા.પીન્હલ જી.કટીહાર, બીહાર) તા.૧૦/૦૫/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા "આર્ટફીનો" નામની નવી બનતી સાઇટના આઠમા માળે આવેલ ટાવર ક્રેનના પ્લેટફોર્મ ઉપરથી નીચે ''જી'' બ્લોકના ગાર્ડન એરીયામા પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૩૨/૨૦૨૫**

**શાહપુરઃ** દેવભાઇ જયપ્રકાશભાઇ દાતણીયા (ઉ.વ.૨૩)(રહે.ગુંદીચોક, આર.સી.હાઇસ્કુલ સામે નાગોરીવાડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૫/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના દરવાજા સાથે પ્લાસ્ટિકના મિણીયા વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.જોટાણા ચલાવે છે.

**અમરાઇવાડીઃ** નિશાંત સ/ઓ રણછોડભાઇ નાગર (ઉ.વ.૩૨)(રહે.દેવીકૃપા સોસાયટી પવિત્રકુંજ સોસાયટીની બાજુમાં સી.ટી.એમ.રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૫/૨૦૨૫ ના કલાક ૦૫/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે તાર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

**નિકોલઃ** સુનિતા ડો/ઓ નિકુલભાઇ બાદરજી ઠાકોર (ઉ.વ.૧૮)(રહે.રામાપીરવાળો વાસ, કઠવાડા ગામ, તા.દસક્રોઇ જી.અમદાવાદ)એ અગમ્ય કારણસર તા.૦૯/૦૫/૨૦૨૫ રાતના ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી